(૭) ટ્રસ્ટીઓની જગ્યા કયારે ખાલી પડેલી ગણાશે.

નિમાયેલા અગર હવે પછી ~~xxxxxxx~~ નીમવામાં આવેલ ટ્રસ્ટીઓ પૈકી કોઈ ટ્રસ્ટી ગુજરી જાય અથવા લેખિત ~~xxxx~~ રાજીનામું આપેથી ટ્રસ્ટીમંડળે ઠરાવ થયેથી તે ટ્ર ટ્રસ્ટીની જગ્યા ખાલી પડેલી ગણાશે.

(૮) ટ્રસ્ટી મંડળના અધિકારો :- ટ્રસ્ટી મંડળની સભા વર્ષમાં ઓછામાં ઓછી બે વખત મળશે.

૧. ટ્રસ્ટી બોલાવી શકશે.સભાઓ સામાન્ય રીતે ટ્રસ્ટની ઓફીસે ભરી શકાશે અથવા મેનેજીંગ ટ્રસ્ટી નકકી કરે તે સ્થળે x ભરવામાં આવશે.

૨. મીટીંગનો એજન્ડા ટ્રસ્ટી મંડળ નકકી કરે તે રીતે મેનેજીંગ ટ્રસ્ટીએ આઠ દિવસ અગાઉ આપવાનો રહેશે.જરુરીયાતના પ્રસંગે ચોવીસ કલાકની મુદતથી પણ મીટીંગ ~~બોલાવવી~~ બોલાવી શકાશે.

૩. ટ્રસ્ટીઓની સંખ્યા જો ત્રણની હશે તો મીટીંગનું કોરમ બે ટ્રસ્ટીઓનું ગણાશે.હાજરી થી અને ત્રણ કરતાં વધારે ટ્રસ્ટીઓ હશે તો ત્રણ ટ્રસ્ટીઓની હાજરીથી પુરું થયેલ ગણાશે.મીટીંગના ઉપરના કામ હાથ ધરી શકશે અને થયેલ ઠરાવો કાયદેસરના ગણાશે.

૪. કોઈપણ બે ટ્રસ્ટીઓ ટ્રસ્ટી મંડળની ખાસ ~~કારણો~~ કારણો દર્શાવી રીકવીઝેશન મીટીંગ બોલાવવાની માંગણી મેનેજીંગ ટ્રસ્ટીને આપવાનું રહેશે.મેનેજીંગ ટ્રસ્ટી એક અઠવાડીય માં આવી રીકવીઝેશન મીટીંગ બોલાવવાની વ્યવસ્થા કરશે.આ મીટીંગમાં રીકવીઝેશન કરનાર ટ્રસ્ટીઓ ગેરહાજર રહેશે તો રીકવીઝેશન કરનારને કંઈ કહેવાનું નથી તેમ માની મીટીંગ બરખાસ્ત કરવામાં આવશે.

૫. દરેક ઠરાવ હાજર ટ્રસ્ટીઓની બહુમતીથી મંજુર કરવાનો રહેશે.ટ્રસ્ટી મંડળની મીટીંગમાં સરખા મત પડયેથી મેનેજીંગ ટ્રસ્ટી વધારાનો મત આપી શકશે.

૬. દરેક મીટીંગમાં કરવામાં આવેલ કામકાજની ચોખ્ખી વિગતો સાથેની ઠરાવબુકમાં નોંધ મેનેજીંગ ટ્રસ્ટીએ કરવાની રહેશે.આવી નોંધ ત્યાર પછીની મીટીંગમાં વાંચી બતાવવામાં આવશે અને હાજર સભ્યોએ કબુલ રાખ્યેથી મેનેજીંગ તે બદલની સહી કરવાની રહેશે.

નકલો ૧૫૨૭
નકલનું ભાડું રૂ. ૯૪=૬૦
શુ... ભાડું રૂ. ૪=૦૦
કાગળ ભાડું રૂ. ૦=૪૦
કુલ ભાડું રૂ. 20=00

નકલ માટે અરજી કર્યા તારીખ ૧૯/૧૨/૨૦૦૧
સહી
અધીક્ષક
નકલ તૈયાર કર્યા તારીખ ૨૫/૧૨/૨૦૦૧
સહી
અધીક્ષક
નકલ આપ્યાની તારીખ 20/12/2001
સહી
અધીક્ષક

રજીસ્ટર નં. ૨/૨
તપાસ રજીસ્ટર નંબર ૨૨૭/૨૦૦૦
નોંધ કર્યા તા. ૯/૧૨/૨૦૦૦
સહી/
રજીસ્ટ્રાર ...

અનુક્રમ નં. :- ૯૯૭૩

તા.૧૩-૧૧-૨૦૦૦ રૂ.૫૦/- અંકે રૂ. પચાસ પુરા.

નામ:- મહાકાલી આરોગ્ય સેવા ટ્રસ્ટ

રહેવાસી : નરસંડા તા.નડીયાદ

હસ્તે શ્રી : શશીનાથ એમ ઝા

સહી/-
( ભરત. સી.કા પટેલ )
સ્ટેમ્પ વેન્ડર,નડીયાદ
લા.નં. ૫/૯૭

## ટ્રસ્ટ ડીડ

આજ તારીખ ૧૪-૧૧-૨૦૦૦ ના રોજ અમો એક તરફવાળા શ્રી શશીનાથ.એમ.ઝા પુખ્ત ઉંમરના રહેવાસી ગામ નરસંડાના ( જેઓ હવે પછી સેટલર તરીકે ઓળખાશે) તેઓ એ પોતાની સ્વપાર્જીત મીલકતમાંથી રૂ.૧૦૧/- અંકે ~~રૂપિયા~~ એકસો એક અલગ કાઢી તમો બીજી તરફવાળા સર્વ શ્રી વૈદ્ય શશીનાથ મહેન્દ્રભાઈ ઝા ૨.વૈદ્ય સુબોધકુમાર ઉમેશ ચંદ્ર મીશ્રા ૩. શ્રીમતિ નુતનબેન શશીનાથ ઝા તમામ પુખ્ત ઉંમરના રહેવાસી ગામ નરસંડા (જેઓ હવે પછી ટ્રસ્ટીઓ તરીકે ઓળખાશે ) તેઓએ આ રકમ તથા હવે પછી મળનાર રકમ અથવા મીલકતનો ઉપયોગ નીચે જણાવેલ નિયમોને આધીન રહીને હેતુઓ સિધ્ધ કરવા વાપરવા સંમતિ દર્શાવેલ છે.

(૧) નામ :- આ ટ્રસ્ટનું નામ મહાકાળી આરોગ્ય સેવા ટ્રસ્ટ રહેશે.

(૨) કાર્યાલય :- આ ટ્રસ્ટનું કાર્યાલય નરસંડા મુકામે રહેશે.

(૩) કાર્યક્ષેત્ર :- આ ટ્રસ્ટનું કાર્યક્ષેત્ર સમસ્ત ભારત વર્ષ રહેશે.

(૪) હેતુઓ :- નીચે મુજબ રહેશે.

૧. શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે બાલવાડી,પુર્વ પ્રાથમિક,પ્રાથમિક,માધ્યમિક શાળા, અધ્યાપન મંદિરો,છાત્રાલયો,આશ્રમ શાળા,પુસ્તકાલય સિવણ વર્ગ,રાત્રી શાળા, પૌઢશિક્ષણ વર્ગ ચલાવવા અને નિભાવવા.ગરીબ અને જરુરીયાતવાળા વિદ્યાર્થીઓને

શૈક્ષણિક ક્ષેત્રે તમામ પ્રકારની સહાય કરવી.ઉચ્ચ સિધ્ધી પ્રાપ્ત કરનારને પારીતોષિકો ઈનામો વગેરે આપવા.

૨. આરોગ્ય વિકાયક સંસ્થાઓ સ્થાપવી,ચલાવવી અને નિભાવવી,તેમજ રોગ નિદાન ચિકિત્સા સારવાર શીબીરો કેમ્પોનું આયોજન કરવું.બ્લડ બેંક શરૂ કરવી,મેડીકેર સેન્ટરો શરૂ કરવા તેમજ આમ જનતાની સર્વાંગી વિકાસની તમામ પ્રવૃત્તિઓ કરવી. હર્બલ પ્લાન્ટ ઉગાડવા,હર્બલ એક્સ્ટ્રેક્ટ બનાવવી,જુથ બનાવી લોકોની સેવા કરવી શૈક્ષણિક ગાર્ડન બનાવવી.

૩. રચનાત્મક કાર્યક્રમો દ્વારા સહકાર અને સંગઠનની ભાવના કેળવવી,રાષ્ટ્રીય તહેવારો ઉજવવા,જનતામાં રાષ્ટ્રીક્ય ભાવના કેળવાય તેવી પ્રવૃત્તિઓ હાથ ધરવી યુવા તથા મહિલા વિકાસના કાર્યો કરવા,સંમેલનો,સેમિનાર,મેળાવડાઓ વગેરેનું આયોજન કરવું.

૪. ગરીબ અને જરુરીયાતવાળા લોકોને જીવન નિર્વાહની ચીજ વસ્તુઓ સસ્તા દરે મળે તેવું આયોજન કરવું,જીવદયાના કામો કરવા,મુંગા પ્રાણીઓ માટે ઘાસચારો પાણી વગેરેની વ્યવસ્થા કરવી,આશ્રમશાળા ચલાવવી,વૈધવૃધ્ધાશ્રમ,વૃધ્ધાશ્રમ શાળા ચલાવવી આદિ.

૫. કુદરતી કે માનવ આફત સમયે અસરગ્રસ્તોને મદદ કરવી.

૬. પર્યાવરણને વૃક્ષારોપણને લગતી કામગીરી કરવી.

(૫) ટ્રસ્ટીઓની લાયકાત :- આ ટ્રસ્ટમાં નીમવામાં આવતા ટ્રસ્ટીઓ સારા,સુપાત્ર લાયક અને ટ્રસ્ટની પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા હોવા જરૂરી છે.

(૬) ટ્રસ્ટીઓની સંખ્યા અને નવા ટ્રસ્ટીઓ લેવા અંગે :-

આ ટ્રસ્ટમાં ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ નવ ટ્રસ્ટીઓ રહેશે.કોઈપણ ટ્રસ્ટીની જગ્યા ખાલી પડ્યેથી અથવા નવા લેવાના પ્રસંગે બાકીના હયાત ટ્રસ્ટીઓ તેવી જગ્યા પુરી શકશે.અધિકતમ ટ્રસ્ટીઓની સંખ્યા ધ્યાનમાં રાખી નવા ટ્રસ્ટીઓ નીમી શકશે. વૈધ શશીનાથ મહેન્દ્રભાઈ આ મેનેજીંગ ટ્રસ્ટી તરીકે રહેશે.તેઓની કોઈપણ કારણસર જગ્યા ખાલી પડેથી બાકીના ટ્રસ્ટીઓ બહુમતીથી મેનેજીંગ ટ્રસ્ટીની નિમણૂંક કરશે.

કોઈ પણ પ્રકારના ખર્ચના બીલો મંજુર કરવા.કર્મચારીઓના કામની કાળજી કરવી.ટ્રસ્ટના વહીવટ અંગેના કાયદેસરના તમામ કામ કરી શકશે.કાર્યક્રમોનું આયોજન કરવું.ટ્રસ્ટી મંડળની સભાઓમાં થયેલ સુચનો તથા ઠરાવોનો અમલ કરવો. કર્મચારીઓ પાસેથી કામ લેવું.દરેક પ્રકારની આવકની પહોંચો આપવી.ખર્ચના વાઉચરો તૈયાર કરવા.હિસાબો નિયમિત રાખવા.હિસાબોને લગતું સાહિત્ય રાખવું હિસાબોમાં સહીઓ કરવી.હિસાબો ઓડીટ કરાવવા.આવકના સાધનોઉભાકરવા.

(૧૦) આ ટ્રસ્ટનો વહીવટ શુધ્ધબુધ્ધિથી અને સામાન્ય માનવી પોતાની મીલકતનો જે રીતે વહીવટ કરતો હોય તે રીતે કરવાનો રહેશે.આવી કાળજી અને ~~xxxxx~~ સાવચેતી છતાં તે કાર્યોના પરીણામ માટે તેઓ જવાબદાર ગણાશે નહીં.બીજા સભ્ય ની ગફલત કે ગેરવર્તણુંક માટે અન્ય ટ્રસ્ટીઓ જવાબદાર ગણાશે નહીં.

(૧૧) આવકના સાધનો :- દાન,ભેટ,ફંડ,ફાળો,વ્યાજ,ભાડુ,પ્રવૃતિ આવક વગેરે રહેશે.

(૧૨) ટ્રસ્ટના વિસર્જન બાબત :-

કોઈપણ સંજોગોમાં આ ટ્રસ્ટનું વિસર્જન કરવાનો પ્રસંગ ઉપસ્થિત ~~xx~~ થાય તો જે તે વખતના કાયદાને આધીન રહીને ટ્રસ્ટી મંડળના ૨/૩ ટ્રસ્ટીઓની હાજરીથી થઈ શકશે અને વધેલ મીલકત સમાન હેતુવાળી અન્ય સંસ્થાને સુપરત કરી ટ્રસ્ટ વિસર્જન કરવામાં આવશે.

(૧૩) આ ટ્રસ્ટનો વહીવટ બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટ તથા જેતે વખતના પ્રવર્તમાન કાયદાને આધીન રહીને કરવાનો રહેશે.

ઉપર પ્રમાણેનો દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી કરી આપેલ છે.

તા. ૧૪-૧૧-૨૦૦૦

ગામ. નરસંડા

સહી :- અવાચ્ય (સેટલર)        શાખ :- સહી/- અવાચ્ય

ઉપર જણાવેલ મીલમત અમોને ટ્રસ્ટી દરજ્જે પ્રાપ્ત થયેલ છે અને આ ટ્રસ્ટમાં અમો ટ્રસ્ટી તરીકેની ફરજ બજાવવા સંમત છીએ.

૧. સહી/- શશીનાથ.એમ.ઝા સહી/- ૧. સહી/- અવાચ્ય

૨. સહી/- સુબોધકુમાર યુ મિશ્રા સહી/- 2.

૩. સહી/- નુતનબેન એસ ઝા સહી/-

x સહી/- અવાચ્ય

સહી/- અવાચ્ય

મદદનીશ ચેરીટી કમિશનર, નડીઆદ પ્રદેશ, નડીઆદ.

આથી દાખલો આપવામાં આવે છે કે
આ પ્રમાણિત નકલ છે.

અધીક્ષક,
જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી,
નડીઆદ પ્રદેશ નડીઆદ.

નકલ કરનાર ક.
મુકાબલા કરનાર ક.

૭. ટ્રસ્ટી મીલકતો ટ્રસ્ટીઓમાં થશે અને તેનો વહીવટ ટ્રસ્ટીઓકરશે.ટ્રસ્ટની તમામ મીલકતો ટ્રસ્ટના નામે અથવા ટ્રસ્ટીઓ ઠરાવે તે પ્રમાણે રાખવાની રહેશે.ટ્રસ્ટના ફાજલ નાણાં ટ્રસ્ટ એક્ટની જોગવાઈઓ મુજબ રોકવામાં રહેશે. બેંક ખાતાનું સંચાલન ત્રણ ટ્રસ્ટીઓના નામે રહેશે અને બે ટ્રસ્ટીઓની સંયુક્ત સહીથી કરવાનુંરહેશે.તેમાં મેનેજીંગ ટ્રસ્ટીની સહી ફરજીયાત રહેશે.ટ્રસ્ટીઓ ભાડાના મકાનો કે લોન મેળવી શકશે.ટ્રસ્ટની સ્થાવર મીલકતો કાયદાઓને આધીન રહીને ટ્રસ્ટીઓ તબદીલ,અદલો,બદલો કે વેચાણ કરી શકશે.

૮. ટ્રસ્ટના વહીવટ માટે ટ્રસ્ટીઓ નો નોમરી,શીક્ષકો,વ્યવસ્થાપક કર્મચારીઓ રાખી શકશે.અને તેઓને બરતરફ યા છુટા કરી શકશે.સ્થાવર જંગમ મીલકતની વિગતવાર યાદી રખાવશે.ટ્રસ્ટના સંચાલન માટે સમીતીઓ,પેટા સમીતીઓ નીમી શકશે.તેઓને અધિકારો પણ આપી શકશે.ટ્રસ્ટની તમામ પ્રકારની આવક નો હિસાબ રાખશે આવી આવકમાંથી સૌ પ્રથમ ટ્રસ્ટના વહીવટ અને વ્યવસ્થા અંગેનો ખર્ચ આપવાનો રહેશે અને ત્યારબાદ હેતુઓ મુર્તિમંત કરવા માટે ખર્ચ કરવાનો રહેશે.

૯. ઓડીટરશ્રીની નીમણુંક કરશે અને બદલી શકશે.

૧૦. ટ્રસ્ટનું હિસાબી વર્ષ ૩૧ માર્ચ આખરનું રહેશે.

૧૧. આ ટ્રસ્ટ ડીડનું અર્થઘટન ટ્રસ્ટીઓ કરશે અને ડીડમાં સુધારા વધારા કે ફેરફાર બહુમતીથી કરી શકશે.નિયમો પેટા નિયમો ઘડી શકશે કે તેમાં સુધારા વધારા કરી શકશે.

૧૨. ટ્રસ્ટની તમામ મીલકતો સારી સ્થિતમાં રાખવાની રહેશે.

ટ્રસ્ટ ફંડો સ્વીકારશે અને તેની શરતો નક્કી કરશે.

(૯) મેનેજીંગ ટ્રસ્ટીની ફરજો :- ટ્રસ્ટની તમામ મીટીંગોમાં અધ્યક્ષ સ્થાન લેવું. મીટીંગોનું કામકાજ સરળતાથી અને નિયમસર ચાલે તે જોવું.ટ્રસ્ટની તમામ પ્રવૃતિઓ ઉપર દેખરેખ રાખવી.અવાર નવાર માર્ગદર્શન કે સલાહ સુચનો આપવા.ઠરાવ બુક રાખવી તથા દરેક મીટીંગની નોંધ લખવી તથા ત્યાર પછીની મીટીંગમાં તે મંજુર કરવી.કાર્યક્રમો બનાવવા તથા તેના અમલ માટેનું તંત્ર ગોઠવવું.પત્રવ્યવહાર કરવો.